# ભરચક રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે આજે બાપુનુ સમસંવેદના સંમેલન યોજાશે

**બાપુ કોંગ્રેસને બાય બાય કહેશે કે નવી સેનાની રચના કરી ગુજરાતના પ્રશ્નો માટે આક્રમક લડતના સંકેત આપશે : આજના સંમેલનથી દૂર રહેવાની પ્રદેશ કોંગ્રેસની ખાનગી સૂચના પછી પાટનગરમાં નવા-જૂનીના એંધાણની ઉત્તેજના ચરમસીમાએ**



ગાંધીનગર, તા. ૨૦

રાષ્ટ્રપતિની ચૂંટણીનું પરિણામ જાહેર થયાના કલાકોના અંતર પછી જ આજે વિપક્ષના નેતા અને કોંગ્રેસના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલાનું સમસંવેદના સંમેલન ગાંધીનગરમાં યોજાઈ રહ્યું છે તેને લઈ પાટનગરમાં રાજકીય ગરમાવો વધી જવા પામ્યો છે.

આજે ટાઉનહોલ સામેના મેદાનમાં બાપુના જન્મદિને આ સંમેલન યોજાવાનુ છે. જે રીતે ક્રોસ વોટીંગના સમાચારો આવ્યા તેની સાથે જ હરકતમાં આવેલ કોંગ્રેસના આગેવાનોએ કોંગીના સભ્યો અને મહત્વના કાર્યકરોને સંમેલનને એવોઈડ કરવાની સૂચનાઓ આપવાનું શરૂ કર્યુ હોવાની વાતો વહેતી થઈ છે. આ સંમેલનમાં વિપક્ષના તમામ સભ્યોને

● અનુસંધાન પાન-૭ પર

# રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોંગ્રેસના ૮ સભ્યોએ ક્રોસ વોટીંગ કરતાં રાજકીય ગરમાવો

ગાંધીનગર, તા. ૨૦

રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ગુજરાતના ૧૧ સભ્યોના ક્રોસ વોટીંગે સમગ્ર રાજયના રાજકારણને હચમચાવી દીધુ છે. આ ક્રોસ વોટીંગ રાજયમાં મોટી રાજકીય ઉથલપાથલનો સંકેત હોવાનુ રાજકીય

**ક્રોસ વોટીંગ મોટી રાજકીય ઉથલપાથલના સંકેત આપી રહી હોવાનું કહેતા રાજકીય પંડિતો**

પંડિતો માની રહ્યા છે.

પાટનગરના રાજકીય વર્તુળોમાં થતી ચર્ચાઓ મુજબ કોંગ્રેસના ૮, એનસીપીના ૨ તથા એક અપક્ષ સભ્યએ ક્રોસ વોટીંગ કર્યુ છે.

આ ક્રોસ વોટીંગને પગલે હવે રાજ્યસભાનો ચૂંટણી જંગ વધુ તીવ્ર સ્પર્ધાવાળો બનશે તેવી વાતો પણ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા થઈ રહી છે કે ૮ સભ્યોએ રાષ્ટ્રપતિ પદ માટે ક્રોસ વોટીંગ કર્યુ છે પરંતુ રાજ્યસભામાં આ સંખ્યા વધીને ૧૬ને પણ આંબી જાય તો નવાઈ નહિ.

આજે મતગણતરી દરમ્યાન એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદને ૧૩૨ મત મળ્યા હતા જ્યારે કોંગ્રેસના મીરાકુમારને માત્ર ૪૯ મત મળ્યા છે.

વિધાનસભામાં પક્ષવાર સ્થિતિ જોઈએ તો ભાજપના ૧૨૧, કોંગ્રેસના ૫૭, જનતાદળ-૧, એનસીપીના ૨ અને અપક્ષ-૧ સભ્ય છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જનતાદળના છોટુભાઈ વસાવાએ મતદાન કર્યુ ન હતુ.

મતગણતરીમાં ભાજપને ૧૯૪૦૪ મત મળ્યા હતા જ્યારે કોંગ્રેસના ઉમેદવારને ૭૨૦૭ મત મળ્યા છે. કોંગ્રેસના ૮ સભ્યોએ ક્રોસ વોટીંગ કર્યુ છે તો કેટલાક નવ સભ્યોએ ક્રોસ વોટીંગ કર્યાની વાતો કહી રહ્યા છે.

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન માટે પ્રભારી ગેહલોત અને ચૂંટણી ઈન્ચાર્જ અનિલ શાસ્ત્રી હાજર હોવા છતાં થયેલા આ ક્રોસ વોટીંગથી કોંગ્રેસની છાવણીમાં સન્નાટો વ્યાપી ગયો છે.

આ ક્રોસ વોટીંગ કરનારાઓમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત તેમજ મધ્ય ગુજરાતના સભ્યો હોવાની ચર્ચાઓ પણ ચાલી રહી છે. કોંગ્રેસે આ બાબતને અતિ ગંભિરતાથી લીધી છે અને ખાનગી રાહે ક્રોસ વોટીંગ કરનારાઓને ઓળખી કાઢવાની કવાયત પણ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# ૧૯૮૪ની રાજ્યસભાની ચૂંટણીનું ગુજરાતમાં પુનરાવર્તન તો નથી થયું ને ?

**૧૯૮૪માં કોંગ્રેસના ૯ ધારાસભ્યોએ શંકરસિંહ વાઘેલાને પ્રથમ પસંદગીના મત આપ્યા હતા**

ગાંધીનગર, તા. ૨૦

ક્રોસ વોટીંગ એ રાજ્યના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. જો કે ક્રોસ વોટીંગ એ રાજ્યમાં પહેલીવાર થયુ એવી ઘટના નથી. રાજ્યસભાની ચૂંટણીમાં અનેકવાર ક્રોસ વોટીંગ થયુ છે.

પાટનગરના રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચાઓ મુજબ ૧૯૮૪માં શંકરસિંહ વાઘેલાની તરફેણમાં કોંગ્રેસના ૯ સભ્યોએ પ્રથમ પસંદગીના મત આપ્યા હતા અને બીજી તેમજ ત્રીજી પસંદગીના મત મળી કુલ ૫૮ થી વધુ મતે તેઓ આ જંગમાં વિજયી થયા હતા જે એક વિક્રમ છે.

આ પછી ૧૯૯૪માં તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ પટેલના શાસનમાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને કનકસિંહ માંગરોળા પણ ૪૧ અને ૪૩ મત મેળવી વિજયી થયા હતા.

કોંગ્રેસને ક્રોસવોટીંગની પરંપરા જાણે કોઠે પડી ગઈ હોય તેવી વાતો વચ્ચે આજે રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા થતી હતી કે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પહેલીવાર ગુજરાતમાં ક્રોસ વોટીંગ આટલા મોટા પાયે થયુ છે.

રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા ચાલી છે કે ૧૯૮૪નું પુનરાવર્તન કરી ભાજપે કોંગ્રેસને ફરી યાદ કરાવ્યુ છે કે અમે આજે પણ ક્રોસ વોટીંગમાં એટલા જ માહિર છીએ અને આગામી દિવસોમાં આનાથી પણ વધુ ક્રોસ વોટીંગ થઈ શકે છે.

# જિલ્લા પંચાયતની કચેરી એટલે ગંદકીનું સામ્રાજ્ય

**કચેરીના ટોયલેટ કે કચેરીની સફાઈને લઈ શંકાઓ : ટોયલેટો બધા ટપકે છે : ગમે ત્યારે પોપડા પડે છે, પ્રમુખ કાર્યાલયના ટોયલેટના દરવાજા પર ઉધઈનું સામ્રાજ્ય**

ગાંધીનગર, તા. ૨૦

સ્વચ્છતા મિશનની મોટી મોટી વાતો ગાંધીનગરમાંથી શરૂ થાય અને આખા રાજ્ય સુધી તે વિસ્તરે છે પણ દિવા તળે અંધારા જેવી સ્થિતિ ગાંધીનગર જિલ્લાની એક જિલ્લા કક્ષાની કચેરીની છે.

આ કચેરીનું અંતર આમ તો સચિવાલયથી ૩૦૦ મીટર જેટલુ જ છે અને તે જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તાર સાથે સીધી તેમજ આડકતરી રીતે સંકળાયેલી છે.

હા; વાત છે ગાંધીનગર જિલ્લા પંચાયતની. ૩૦ વર્ષ કરતાં પણ વધુ જુની આ ઈમારત છે એક તાલુકાનો જિલ્લો હતો ત્યારે બનેલી આ ઈમારત છે. જિલ્લા વિકાસ અધિકારીની નામે તેની સનદ છે. આ કચેરીમાં આવેલા તમામ ટોઈલેટની હાલત એટલી ખરાબ છે કે તમે બાથરૂમ ગયા હો તો માથા પર પાણી ટપકે; અહિ પાણીનો વેડફાટ પણ અકલ્પનીય છે. અહિ દુર્ગંધ પણ ખુબ આવે...

મહિલા કર્મચારીઓ માટેના ટોઈલેટ પણ સ્વચ્છતાનો અભાવ એ ફરિયાદને પગલે અલાયદુ ટોયલેટ બનાવવાની વાત હજુ વિસરાયેલી હાલતમાં શિર્ષક વગરની વાર્તાની જેમ પડી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની અંદરની દિવાલો પર પણ એટલી જ લીલ જામેલી જોવા મળે છે. અહિ પાર્કિંગમાં જાવ તો પણ તેમાં પાણી ભરાયેલા જોવા મળે તેમજ થોડો ઘણો ભંગાર જોવા મળે.

અહિ આ કચેરીમાં તેની વીજક્ષમતા વધારવાની વાતો વચ્ચે એ.સી. એટલા બધા ફીટ કરાયા છે તેમાંથી પણ સતત જલાભિષેક થતો હોય તેમ પાણી ટપક્યા કરે છે. પદાધિકારીઓ અને અધિકારીઓને અહિ સ્વચ્છતાના મુદ્દે કોઈ જ રસ હોય તેમ જણાતુ જ નથી.

ઓફિસોની સફાઈ પણ મને-કમને થતી હોય તેવુ લાગ્યા કરે. અધિકારીઓને બેસવા માટે અહિ પુરતી જગ્યા પણ નથી. આ માટે વારંવાર રજુઆતો સરકારમાં કરાઈ હોવા છતાં કોઈ તેને સાંભળતુ નથી.

એક તબક્કે વિધાનસભાના અધ્યક્ષ અને ધારાસભ્ય રહી ચુકેલા સ્વ. મંગળદાસ પટેલે નવા મકાન માટે જમીન ફાળવવામાં નહિ આવે તો તે પંચાયતની કચેરીમાં જશે નહિ તેવી વાત વિધાનસભાના ફ્લોર પર કહી ત્યારે પંચાયત મંત્રીએ આ રજુઆતનો ઉકેલ અને બને તેટલી ત્વરાએ લાવવાની હૈયાધારણ આપી હતી પરંતુ તે હજુ સુધી ઉકેલી શકાઈ નથી.

વાત અલગ મુદ્દે ના કરતાં આ કચેરીના ટોયલેટના મરામતની કામગીરી નહિ થાય તો આગામી દિવસોમાં કર્મચારીઓ રોગના ભોગ બને તેવી સ્થિતિનું નિર્માણ થશે તેમ મનાઈ રહ્યુ છે અને કર્મચારીઓમાં રોષ પ્રવર્તે છે.

રાજકીય આગેવાનો રાજકીય કિન્નાખોરી સરકાર રાખી રહી હોવાની વાતો કરે છે પણ તેમની કચેરીના રિનોવેશન તો ફટાફટ કરાવે છે. સૌથી આઘાતજનક સ્થિતિ તો પ્રમુખશ્રીના કાર્યલાયમાં આવેલા ટોયલેટના દરવાજા પર ઉધઈનું સામ્રાજ્ય એ જ બતાવે છે કે સ્વચ્છતા એ સૂત્રમાં રહેશે કે સાચોસાચ કચેરીમાં જળવાશે.

# જિલ્લામાં ત્રણ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં વધુ ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બનાવવાની મંજૂરી રાજ્ય સરકારે આપી છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ, માણસા અને દહેગામ તાલુકામાં આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા છે.

જેમાં દહેગામ તાલુકાના પાટનાકુવા ખાતે, માણસામાં વેડા ખાતે અને કલોલમાં ધાનજ ગામે આગામી દિવસોમાં આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત કરી દેવામાં આવશે. આ દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નિર્માણ પાછળ એક કરોડ જેટલો ખર્ચ રાજ્ય સરકાર કરશે તેમ રાજ્યના રાજ્ય આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુ છે. જિલ્લામાં હાલ ૨૬ પ્રા. આ. કેન્દ્રો કાર્યરત છે અને વધુ ત્રણ મંજૂર થતાં ૨૯ કેન્દ્રો બનશે.

## આજે કમિશ્નર અને સીટી ઈજનેર દિલ્હી જશે

ગાંધીનગર, તા. ૨૦

નવી દિલ્હી ખાતે કેન્દ્રના શહેરી વિકાસ વિભાગ દ્વારા સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલ સેમિનારમાં ભાગ લેવા માટે આજે મ્યુનિ. કમિશ્નર ડી.એન. મોદી તથા સીટી ઈજનેર ભરત પંડ્યા ખાસ દિલ્હી જશે.

નવી દિલ્હી ખાતે યોજાયેલ આ વર્કશોપમાં ભાગ લેવા માટે તેઓ હવાઈમાર્ગે દિલ્હી જશે અને સાંજે જ વર્કશોપના અંતે પાટનગર પરત ફરશે.

# જીટીયુના નવા બે બિલ્ડીંગો બાંધવાની યોજના અટવાઈ

ગાંધીનગર તા ૨૦

ચાંદખેડામાં જી ટી યુ કેમ્પસમાં બે નવા બિલ્ડીંગો બાંધવાનો પ્રોજેક્ટ

**લેકાવાડામાં જમીનના મામલે સ્થાનિકોનો વિરોધ : જી ટી યુના બે નવા બિલ્ડીંગો બાંધવા માટે એજન્સી પણ નિયત કરી દેવાઇ છે : ૬૦ કરોડનો ખર્ચ થશે : સ્થળ નક્કી ન થતા કામ અટવાયુ**

અટવાયો છે. પી જી સ્કુલ તેમજ ગ્લોબલ ક્લાસ રૂમ બનાવાની કામગીરી ખોરંભે પડી છે. આ કામગીરી પાછળ રૂ ૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. ટેન્ડર પ્રક્રીયાના અંતે કામ શરૂ કરવા માટે એજન્સી પણ નિયત કરી દેવાઈ છે. પરંતુ જી ટી યુ કક્ષાએથી લેકાવાડામાં આ પ્રોજેક્ટનુ કામ હાથ ધરવાનો નિર્ણય લેવાતા સમગ્ર પ્રોજેક્ટનુ કામ અધ્ધરતાલ છે. બીજીતરફ લેકાવાડના ગ્રામજનો દ્વારા અહીં જી ટી યુને જમીન ફાળવવાના મામલે પણ ઉગ્ર વિરોધ ભભુક્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે નવા બિલ્ડીંગો બનાવાની કાર્યયોજના અટવાઈ પડી છે.

● અનુસંધાન પાન-૭ પર



રંગબેરંગી છત્રીઓ - શહેરમાં ચોમાસાની જમાવટના પગલે છત્રીઓનું બજાર તેજીમાં ચાલે છે... દુકાનો અને ફૂટપાથો પર રંગબેરંગી આકર્ષક છત્રીઓ ઠેર ઠેર દેખાય છે... છેલ્લા ૧૫-૨૦ દિવસથી શહેરમાં વરસાદ વ્યાપક રીતે પડી રહ્યો છે ત્યારે રેઈનકોટ અને છત્રી ઓન ડીમાન્ડ છે... બદલાતા સમય સાથે કાળી ભમ્મર છત્રીઓના સ્થાને રંગબેરંગી અને અવનવી ડિઝાઈનમાં છત્રીઓ બજારમાં ઉપલબ્ધ બની છે... ખાસ કરીને બાળકો અને મહિલાઓમાં રંગબેરંગી છત્રીઓનું આકર્ષણ છે...

# ખ-માર્ગ પાસે ગટર લાઈનના પાંચ મેઈનહોલમાં ગાબડુ

**ગટરોનુ દુષિત પાણી ફરી વળ્યુ : કોન્ટ્રાક્ટરોની હડતાલ વચ્ચે વરસાદી દિવસોમાં તંત્ર માટે મોટો શિરદર્દ : ગ અને ખ માર્ગને જોડતી મુખ્ય લાઇનમાં ભંગાણના લીધે સે-૧૩ અને ૧૪ સહીત જુના સેક્ટરોમાં પણ ગટરોની સમસ્યા જટીલ બની**

ગાંધીનગર તા ૨૦

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ગટરો ઉભરાવાની સમસ્યાથી નગરજનો ત્રસ્ત થઈ ગયા છે. શહેરના નવા અને જુના સેકટરોમાં ઉભરાતી ગટરોની સમસ્યા નાગરિકો માટે ગુંગળામણનુ કારણ બની છે. ત્યારે શહેરના ગ અને ખ માર્ગને જોડતી મુખ્ય ગટરલાઈનના પાંચ મેઈન હોલ તુટી જતા ખ માર્ગ પર દુષિત પાણીનો ભરોવો થયો છે. શહેરમાં પ્રથમવાર ગટરલાઈનને લગતી આ પ્રકારની જટીલ સમસ્યા ઉદભવતા તંત્ર માટે પણ મોટી ચિંતા ઉભી થઈ છે. એકબાજુ કોન્ટ્રાકટરો હડતાલ પર છે. ત્યારે ગટર લાઈનની કામગીરી હાથ ધરવાનુ પણ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. ગ માર્ગથી સરગાસણ તરફ જતી મુખ્ય લાઈનના મેઈન હોલમાં ગાબડા પડતા સે-૧૩ અને ૧૪ સહીત સે-૨૮ અને જુના સેકટરોમાં પણ ગટરલાઈનની સમસ્યા જટીલ બની છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં જી એસ ટી અને રોયલ્ટીના આર્થિક ભારણ સામે કોન્ટ્રાકટરોના ધરણાં

**આગામી ૨૪ જુલાઇના રોજ મૌન મહારેલી યોજવામાં આવશે**

ગાંધીનગર તા ૨૦

જી એસ ટી ના અમલના લીધે જુના કામોમાં પણ ૧૨ ટકા જેટલો વધારો તેમજ રોયલ્ટીના ભાવ વધારા સહીત સરકાર સાથેને પડતર પ્રશ્નોને અનુલક્ષી કોન્ટ્રાકટરો અચોક્કસ મુદતની હડતાલ પર છે . જયારે કોન્ટ્રાકટર એસોસિએશન દ્વારા પોતાના પડતર પ્રશ્નોના ઉકેલ માટે આજે ગાંધીનગરમાં ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવશે. જયારે ગુજરાત કોન્ટ્રાકટર એસોસિએશન દ્વારા આગામી તા ૨૪ જુલાઈના રોજ મૌન રેલી પણ યોજાશે. આ ધરણાના કાર્યક્રમમાં ગુજરાતના વિવિધ શહેરો ઉપરાંત ગાંધીનગરના પણ કોન્ટ્રાકટરો જાડાશે.

ગુજરાત કોન્ટ્રાકટર એસોસિએશન દ્વારા જી એસ ટી ના અમલ બાદ જાહેર બાંધકામના કામોમાં જુના ચાલુ કામોમાં પણ ૧૦ થી ૧૨ ટકાનો નાંણાકીય વધારો વેઠવાની નોબત આવી હોવાનો આક્રોશ ઠાલવામાં આવી રહયો છે. આ સ્થિતિને નિવારવા માટે ગુજરાત કોન્ટ્રાકટર એસોસિએશનના પ્રતિનિધિ મંડળ દ્વારા મુખ્યમંત્રીને

● અનુસંધાન પાન-૭ પર


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Pretty Women's Club Presents
Grand Exhibition cum Sale on Rakhi Festival
22nd and 23rd July, 2017
Time 10.30 AM to 8.00 PM
Uma Samaj Bhavan, Nr. Balram Bhavan, Sec-12
Shilpa Desai (AVON) - 94286 92676 I Daxa Jadav - 98790 57978

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com